ગાંધીનગર સમાચાર

FEBRUARY 4 is WORLD CANCER DAY

આંખમાં મરચુ નાંખીને લુંટતા ૮૦ લૂંટારૂઓ લીસ્ટઆઉટ

નભોઈની રૂ.૧૨.૧૩ લાખની લુંટ-ડીટેકટ કરવા તે ગુનાની મોડસ ઓપરેન્ડીથી અગાઉ લુંટ કરનાર શખ્સોના મોબાઈલ લોકેશન ટ્રેસ કરી ઈન્ટ્રોગેશન કરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક કોબા-ઈન્દીરાબ્રીજ માર્ગ પર નભોઈ કેનાલ પાસે થોડા દિવસો અગાઉ એક વેપારીને રોકીને આંખમાં મરચાની ભુકી નાંખીને તેની પાસેથી રૂ. ૧૨.૧૩ લાખની મત્તા લુંટી લેવામાં આવી હતી. આ ચકચારી લુંટને ડીટેકટ કરવા પોલીસે અગાઉ આંખમાં મરચુ નાંખીને લુંટ કરનાર લુંટારૂઓને લીસ્ટ આઉટ કર્યા છે. ૮૦ જેટલા લુંટારૂઓ પોલીસે લીસ્ટ આઉટ કર્યા છે જે પૈકી ગાંધીનગર અમદાવાદ આસપાસના મોબાઈલ લોકેશન ધરાવતા હોય અથવા નભોઈ આવીને લુંટ ચલાવી ગયા હોય તેવી શકયતા ધરાવતા ૪૦ જેટલા લુંટારૂઓની સઘન ઈન્ટ્રોગેશન કરવા કવાયત શરુ કરવામાં આવી છે.

ભુકી નાંખી લુંટ કરતી ગેંગ અગાઉ ખુબ જ સકીય હતી. ગાંધીનગર ઉપરાંત રાજયભરમાં આ મોડસ ઓપરેન્ડી ધરાવતી અનેક ગેંગ તરખાટ મચાવતી હતી. અગાઉ આ એમ.ઓથી લુંટ કરતા પકડાઈ ચુકેલી અને પોલીસ ચોપડે આવી ગયેલી ગેંગના ૮૦ જેટલા સાગરીતોને ગાંધીનગર પોલીસે નભોઈ કેનાલ પાસે આજ એમ.ઓ.થી થયેલી લુંટના ગુનાનો ભેદ ઉકેલવા લીસ્ટઆઉટ કર્યા છે. જે પૈકી ૪૦ જેટલા લુંટારૂંઓ એવા છે જે પૈકી કોઈ આ ગુનામાં સંડોવણી હોવાની શકયતા છે જેને આધારે પોલીસે ૪૦ લુંટારૂઓના ઈન્ટ્રોગેશન કરવા માટે તજવીજ શરુ કરી છે. તેઉપરાંત આ ૪૦ લુંટારૂઓના ચહેરાને કોબા અને ઈન્દીરાબ્રીજના સીસીટીવી કેમેરા સાથે મેચ પણ કરવામાં આવી રહ્યા છે.

વાહન રોકીનેઆંખમાં મરચાની

શહેરની લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓનો સફાઈ મુદ્દે હોબાળો

લાયબ્રેરીના ટોઈલેટમાંથી અસહ્ય દુર્ગંધ આવતા વિદ્યાર્થીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ સ્થિત સરકારી લાયબ્રેરી ખાતે આજે બપોરના સુમારે સફાઈ મુદ્દે અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. વાંચન માટે આવતા વિદ્યાર્થીઓએ ટોઈલેટની સફાઈ યોગ્ય થતી ન હોવાથી દુર્ગંધનો સામનો કરવો પડે છે. લાયબ્રેરી તંત્રને યુવાનોએ લેખીત તેમજ મૌખીક ફરિયાદ કરી હતી. લાયબ્રેરીમાં અંદર પ્રવેશ કરતા જ અતિશય દુર્ગંધ મારતા આજે વિદ્યાર્થીઓ અકળાયા હતા અને તંત્ર સમક્ષ સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે ગ્રંથાલયની બહારના ભાગે ગટરના પાણીનું ખાબોચીયું ભરાયું છે જેને પગલે વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો તોળાઈ રહ્યો છે.

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે જાહેરાત પ્રસિધ્ધ થતાં જ નોકરી ઈચ્છુક યુવાનો પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ મોટીમાત્રામાં છે. જેને પગલે રાજયભરમાંથી હજજારો યુવાનો પરીક્ષાની તૈયાર માટે શહેરમાં આવ્યા છે. નોકરી ઈચ્છુક યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હોવાથી દિવસના મોટાભાગના કલાકો કલાસીસ તેમજ લાયબ્રેરીમાં વાંચન કરીને પસાર કરે છે. શહેરના સેકટર-૧૭ ખાતે આવેલ મધ્યસ્થ ગ્રંથાલયમાં જરુરી બુક તેમજ શાંતિનું વાતાવરણ મળતા પરિક્ષાની તૈયારી કરતા હજજારો ભાઈ બહેનો વાંચન માટે અહીં આવે છે. પરંતુ શહેરની લાયબ્રેરી તો ગંદકીમાં ખદબદે છે શૌચાલયની યોગ્ય સફાઈ થતી ન હોવાથી ગંદકીમાં ગરકાવ છે. લાયબ્રેરીમાં પ્રવેશતા જ એટલી બધી દુર્ગંધ મારે છે કે મોં પર રુમાલ રાખવો પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ગ્રાઉન્ડ ફલોર અને ફસ્ટ ફલોર પર આવેલા જેન્ટસ ટોઈલેટમાં યોગ્ય સફાઈ ના અભાવે આ પરિસ્થિત નિર્માણ થવા પામી છે. વાંચન માટે આવતા યુવાનો આજે દુર્ગંધને લઈ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા અને અંદાજે ૨૦૦ જેટલા યુવકો એ સફાઈને લઈ હંગામો મચાવ્યો હતો. લાયબ્રેરીની પરિસ્થિતી એટલી હદે વણસી છે કે ગેટમાં પ્રવેશ કરતા જ વાંચન માટે આવતા યુવક-યુવતિઓને દુર્ગંધનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ લાયબ્રેરીની બાજુમાં ગટરના ગંદુ પાણી ફેલાતા ખાબોચીયું ભરાયું છે. ગટરનું પાણી બેક મારતા આ સમસ્યા ઉદભવી હોવાનું યુવાનો કહી રહ્યા છે. પરંતુ ગ્રંથાલયની અઢળક સમસ્યાઓ તંત્રના ધ્યાને આવતી નથી. ગટરના ગંદા પાણી વચ્ચે યુવાનોને વાંચન કરવાની ફરજ પડી રહી છે. લાયબ્રેરીમાં વાંચન માટે આવતા હજજારો યુવક યુવતિઓના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

@ગાંધીનગર

● ઈન્ફોસીટી ખાતે બપોરે ૪ કલાકેફુટબોલ મેચનુંઉદઘાટન કરાશે.

● શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ગુરુવારના રોજ સાંજે ૪ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે સમાજની કાર્યવાહક સમિતિની બેઠક મળશે.

● ગોપી મંડળ દ્વારા ગુરુવારના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન સેકટર-૩૦, સર્વોદયનગર, હોળી ચોક ખાતે ભાવનાબેન ગોકલાણીના સુરમધુર સ્વરે આનંદનો ગરબો યોજાશે.

● સેકટર-૨૯, અર્બન હેલ્થ સેન્ટર ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન નિઃશુલ્કપણે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

- નજાકતખાનમ સૈયદ

ગાંધીનગરમાં જળપ્લાવિત દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ હઈસ્કૂલમાં જળપ્લાવિત દિવસની ઉજવણીના ભાગરૂપે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં યાયાવર પક્ષીઓની માહિતી અને જળપ્લાવિત વિસ્તારની જાળવણી કરવી જરુરી છે તેમજ પક્ષીઓના જીવનમાં હવા પાણી ખોરાકની જરૂરિયાત તથા પક્ષીઓનું આપણા જીવનમાં ખુબ જ મહ્ત્વ છે તે અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા અંજના નિમાવત, ઉત્કર્ષ ગુમા અને શાળાના શિક્ષિકા સરોજબેન ઝાલાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં શાળાના પ્રિન્સીપાલ ફાધર હેકટર પીન્ટો, સીસ્ટર જોશફીન પણ હાજર રહ્યા હતા.

સોમવારે દિલ્હી પબ્લિક સ્કૂલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના કોબા-અડાલજ લિંક રોડ પરની દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા તા. ૮મી ફેબ્રુઆરી સોમવારે સાંજે ૪.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે શાળાના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યુંછે. આ વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત રાજયન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમા દિલ્હી પબ્લિક સ્કૂલના પ્રિ-નર્સરીથી માંડીને ધો-૧૨ સુધીના શાળાના ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. કાર્યક્રમની થીમ 'કલર્સ ઓફ હાર્મની' એટલે કે 'સદ્ભાવનાના રંગો' રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં થીમ આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે. કાર્યક્રમમાં વિદ્યાર્થીના વાલીગણ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

સિવિલમાં ગત વર્ષે ચાર લાખથી વધુ દર્દીઓએ ઓપીડી સારવાર મેળવી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો છે. આધુનિક હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે ગત્ વર્ષ-૨૦૧૫માં ઓપીડી વિભાગમાં કુલ ૪,૩૨,૪૭૧ દર્દીઓએ સારવાર મેળવી છે. ત્યારે દર્દ થી કણસતા ૪૧૧૯૦ દર્દીઓએ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર મેળવી સ્વસ્થ બનીને ઘરે પરત ફર્યા હતા. જયારે સૌથી વધુ દર્દીઓ સપ્ટેમ્બર માસમાં નોંધાયા છે અને સૌથી ઓછા દર્દીઓએ એપ્રીલ માસમાં સારવાર મેળવી છે. જયારે દર્દીઓની સંખ્યામાં વર્ષ ૨૦૧૪ કરતા વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ સંચાલિત હોવાથી અતિ આધુનિક બની જવા પામી છે. મેડીકલ કોલેજને પગલે સિવિલમાં પથારીઓની સંખ્યા ૬૦૦ કરી દેવામાં આવી છે. મેડીકલ કાઉન્સીલના નિયમ પ્રમાણે આઠ માળની નવિ બિલ્ડીંગ તેમજ હાઈટેક ઓપીડી વિભાગ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. ત્યારે શહેરની સિવિલ જિલ્લાકક્ષાની હોવાથી દર્દીઓની સંખ્યા પણ વિશેષ રીતે વધુ જોવા મળે છે. ગાંધીનગર આસપાસના જિલ્લાના વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી સિવિલનો ઓપીડી વિભાગ ધમધમતો રહે છે. ઓપીડીમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ગાંધીનગર સિવિલ દર્દીઓ માટે આશિર્વાદ રુપ સાબિત થવા પામી છે. ત્યારે વર્ષ ૨૦૧૫માં ઓપીડી વિભાગમાં વિવિધ રોગના થઈ કુલ. ૪,૩૨,૪૭૧ દર્દીઓએ સારવાર લીધી છે. સિવિલમાં આવ્યા હોય અને ડોકટર દ્વારા એડમીટ કરવામાં આવ્યા હોય અને સારવાર મેળવી હોય તેવા દર્દીઓની સંખ્યા પણ ૪૧,૧૯૦ થવા પામે છે. સપ્ટેમ્બર માસમાં ૪૦૮૬૧ સૌથી વધુ દર્દીઓએ ઓપીડી સારવાર લીધી છે. કારણ કે ચોમાસાની રૂતુ હોવાથી ગંદકીને પગલે બિમારીનો ઉપદ્રવ વધી જવા પામે છે. એપ્રિલ માસમાં ઈન્ડોર પેશન્ટ તેમજ ઓપીડી સારવાર બંન્નેમાં ઘટાડો જોવા મળે છે. ગાંધીનગર સિવિલમાં વર્ષ ૨૦૧૪ કરતા વર્ષ ૨૦૧૫ માં સારી સુવિધાને પગલે મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોવાથી વધારો થવા પામ્યો છે.

સેંટ ઝેવિયર્સ પ્રિ. પ્રાયમરીનો રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩

સેંટ ઝેવિયર્સ પ્રિ. પ્રાયમરી શાળાનો ૩૧મો રમતોત્સવ ગત તા. ૩૦મી જાન્યુઆરીના રોજ શાળાના 'સંસ્કૃતિ કુંજ'ના રમ્ય વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો.

બાળકોને શિસ્તતાનું ઉદાહરણ આપવા અર્થે રમતોત્સવની શરૂઆત નાનાં ભૂલકાઓની સુંદર પરેડ દ્વારા કરવામાં આવી હતી. વિવિધ રમતોમાં 'ગ્રો મોર ટ્રીઝ' રમત દ્વારા પર્યાવરણની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત 'ઈટસ પાસ્તા ટાઈમ', 'હમ સાથ સાથ હૈ', 'ગ્રાન્ટ પાઝ વૉક' જેવી રમતો રમાડવામાં આવી હતી.

આ રમતોત્સવમાં કુલ ૧૨ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ બંનેએ ખુબ જ રસપૂર્વક અને ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં બાળકોએ કુશળતા, ચપળતા, એકાગ્રતા અને શારિરીક ક્ષમતા દેખાડી હતી.

આ ઉપરાંત વિવિધ નૃત્યોની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં 'પ્રેમ રતન ધન પાયો'ના નૃત્યએ તો પ્રેક્ષકને ડોલાવ્યા હતા. તેમજ ચાઈનીઝ ડ્રેગન ડાન્સ જેવા નવા કાર્યક્રમ દ્વારા વાલીગણને આશ્ચર્યચકિત કર્યા હતા. સ્વરક્ષણના કાર્યક્રમ રૂપે કરાટે તથા યોગાના દાવ પણ કરવામાં આવ્યા હતા. વળી, શાળા સાથે સંકળાયેલા બાવળાની સેંટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમના બાળકોએ સુંદર કૃતિ રજુ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન વિજેતાઓને કાર્યક્રમના મુખ્ય મહેમાન એમ.ડી. ડીએમઆરઈ રેડિયોલોજીસ્ટ ડૉ. વૈભવ ચૌહાણ અને આંખના સર્જન ડૉ. મીતા ચૌહાણ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ફાધર હેકટર પિન્ટો કે જેમણે શિક્ષણની સાથે શારિરીક શિક્ષણને પણ જોડવું તથા તે દ્વારા બાળકોમાં સર્વાંગીણ વિકાસ થાય તે બાબત ઉપર ભાર મુકયો હતો.

શાળાના પ્રિ પ્રાયમરીના સંચાલીકા સીસ્ટર ફાતીમા, શિક્ષણકગણ તથા સર્વ સહાયકો દ્વારા બાળકોને આ કાર્યક્રમ માટે તૈયાર કરવામાં આવ્યા હતા. આ રમતોત્સવની રૂપરેખા તથા આંખે દેખ્યો અહેવાલ શિક્ષિકા જયોત્સના ખન્ના તથા શ્રીમતી એલીઝા બરેટો દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

વાતવાતમાં

● શહેરમાં એકવાર ફરીથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા યુવા ઉમેદવારો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યાં છે. આ યુવાનો નજીક આવી ગયેલ તલાટીની પરીક્ષા માટે કમર કસીને તડામાર તૈયારીઓ કરી રહ્યાં છે.

● ખેલ મહાકુંભ અંતર્ગત સે-૨૧ સચિવાલય જીમખાના ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં ફ્રી સ્ટાઈલ અને બેક સ્ટ્રોક એમ બે કેટેગરીમાં સેંટ ઝેવિયર્સ સ્કૂલના ધો-૯માં ભણતા દિપાંશુ મંકોડીએ સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. શાળા પરિવારે વિદ્યાર્થીને તેના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

શ્રીમતી આર.એન. પટેલ શાળામાં વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૩ સ્થિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૧ અને ૨ની વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ બાળગીત, ડાન્સ એક પાત્રીય અભિનય, વાર્તા અને કવિતાઓ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. ત્યારબાદ શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને શાળાકીય બાબતો પર ઉપયોગી અને પ્રેરક વાતો કરી હતી. આ ચિંતન શિબિરમાં અભ્યાસની સાથો સાથ બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે આખા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓથી વાલીઓને વાકેફ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ગ શિક્ષિક નીતાબેન પટેલે કર્યું હતું.

ગુરૂ બ્રાહ્મણ સમાજની ક્રેડીટ સોસાયટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગુરૂ બ્રાહ્મણ સમાજની શ્રી મહાલક્ષ્મી કો.ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. ગાંધીનગર દ્વારા પ્રથમ સામાન્ય સભા સેકટર-૩-ડી સાંઈબાબા મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં સંસ્થાના સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રથમ સામન્ય સભા પ્રમુખ જે.જી. પંડયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી તેમજ જ્ઞાતિના તમામ નગરજનોને આ સંસ્થામાં સભ્યપદ મેળવવા ઈચ્છતા સ્નેહીજનોએ એ.એમ. શ્રીમાળીનો સંપર્ક સાધવા જણાવ્યું છે.

કે.બી. ઈન્સ્ટિટયૂટ ખાતે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩

કે.બી. ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના

સંયુકત ઉપકમે તાજેતરમાં એકેડેમીઆ-ઈન્ડસ્ટ્રી ઈન્ટરએકશન, હોપ્સ એન્ડ પ્રોમિસીસના વિષય પર શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગુજરાતની વિવિધ સંસ્થાના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઈઝ લી. વડોદરાના સલાહકાર બી.આર. પંડયા, નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્લેસમેન્ટના વડા મેહુલ ઠકકર પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ શાહ પ્લેસમેન્ટ કમિટી તથા સંસ્થાના વિભાગીય વડા ઉપસ્થિત રહ્યા હતાં.

આત્મવિશ્વાસથી છલોછલ બે બહેનોએ કેન્સરને મ્હાત આપી

ગાંધીનગર, તા.૩

'કેન્સર'નું નામ સાંભળતા જ ભલભલાના મોતિયા મરી જાય છે. આ મહારોગે વિશ્વ વ્યાપી ભરડો લીધો છે. ગાંધીનગર સહિત સમગ્ર ભારતમાં કેન્સરના દર્દીઓમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ રોગ સામે લડવા સાવચેતી અને સમયસરની સારવાર ઉપરાંત દર્દીએ અત્યંત આત્મવિશ્વાસ દાખવવાની જરૂર રહે છે. વિશ્વમાં જયારે કેન્સર દિવસ ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે ગાંધીનગરની બે સગી બહેનોએ આ રોગને મ્હાત આપી છે અને અન્યોને પણ આ રોગ સામે હિંમતથી લડવા પ્રેરિત કરી રહી છે.

સે-૪-સીમાં રહેતા પારૂલબેન પંડયાને વર્ષ ૨૦૧૧માં સ્તન કેન્સર હોવાનું ડોકટર્સ દ્વારા નિદાન કરાયું અને કુટુંબ પર જાણે વજ્રઘાત થયો. ઘરમાં તેમનો પુત્ર મેડિકલ અભ્યાસ અર્થે ચીન ખાતે રહેતો હતો અને પારૂલબેન પોતાના વૃધ્ધ માતા પિતાને તેમની સેવા કરી શકાય તેવા આશયથી પોતાની સાથે રાખતા હતા. આ સંજોગોમાં તેમને કેન્સરનું નિદાન થતા પરિવાર માટે તો જાણે આફત આવી પડી. જો કે પારૂલબેને આત્મ વિશ્વાસથી સ્વસ્થતા ધારણ કરી અને અમદાવાદમાં ખાનગી તબીબની સારવારમાં ઓપરેશન પણ કરાવ્યું. કેન્સરમાં માત્ર સર્જરીથી વાત પતી જતી નથી. સર્જરી બાદ કીમોથેરેપી અને અન્ય સારવારના કારણે દર્દી જાણે એક યાતનામાંથી પસાર થાય છે. પારૂલબેને તમામ યાતનાઓ સહન કરી, કીમોથેરેપીથી તેમનો ચહેરા સુધ્ધાં બદલાઈ ગયો પરંતુ દૃઢ મનોબળ અને પરિવારજનોની હુંફના કારણે તેમણે આ મહારોગને મ્હાત આપવમાં સફળતા મેળવી. જો કે ડોકટર્સે ચેતવણી આપી હતી કે ઘરના તમામ સભ્યોની ચકાસણી કરાવતા રહેશો.

(તસવીર : કશ્યપ નિમાવત)

છેવટે, ડોકટર્સનો અંદેશો સાચો પડયો. સે-૭-ડી નિવાસી ગાંધીનગરના જિલ્લા પંચાયતમાં વિભાગીય હિસાબનીશ તરીકે ફરજ બજાવતા અંજનાબેન રાવલ જેઓ પારૂલબેનના સગા મોટા બહેન હતા તેમને જીભ પર ચાંદી પડી હતી જેની ઘણા સમય સુધી સારવાર ચાલી હતી. વર્ષ ૨૦૧૩માં ચાંદીની બાયોપ્સી કરાતા પ્રિ-સ્ટેજનું કેન્સર હોવાની શંકા જણાઈ તેથી સર્જરી કરાવવામાં આવી. પરંતુ નસીબ જેનું નામ..!! માત્ર ત્રણેક માસના ગાળામાં જીભમાં કેન્સર વિકસતું ગયું અને તેમને બીજા સ્ટેજનું કેન્સર હોવાનું નિદાન થતા સમગ્ર પરિવારમાં ફરી આઘાતની લાગણી છવાઈ ગઈ. ડોકટર્સે પુરતી ચકાસણી કરી પ્લાસ્ટિક સર્જરી સાથે રોગ નાબૂદ કરી આપવાની હૈયાધારણ તો આપી પરંતુ સાથે રૂપિયા ચાર થી પાંચ લાખના અધધ... ખર્ચનો પણ અંદાજ આપ્યો. કુટુંબીજનો અને પારૂલબેનની હિંમતથી અંજનાબેન પણ કેન્સર સામે લડવા તૈયાર થયા અને ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ વહેલી સવારે ૬ કલાકે તેમનું ઓપરેશન કરાયું. નવ કલાકની જહેમત બાદ ૧૦ તબીબોએ તેમની જીભ કાપી હાથની ચામડીમાંથી નવી ચીભ બનાવી લગાડી આપી. એક તરફ કીમોથેરેપી અને બીજી તરફ નવી જીભને સ્વાદ ઓળખવા સહિતના મૂળભૂત કાર્યો કરતા થવામાં લાગતા સમયમાં અંજનાબેને હિંમત દાખવી ધૈર્યપૂર્વક સામનો કર્યો. આજે બંને બહેનો તંદુરસ્ત જીવન નિવૃત્ત જીવી રહ્યાં છે અને હર્યાભર્યા પરિવાર સાથે કિલ્લોલ કરી રહી છે.

હાલ તો આ બંને બહેનો કેન્સરના દર્દીઓને આ રોગ સામે લડવા પ્રેરક ઉદાહરણ પુરું પાડી રહી છે. તેઓ કહે છે કોઈ પણ મુશ્કેલી સામે હારી જવાથી કયારેય સફળ થવાતું નથી બલ્કે તેનો હિંમતપૂર્વક સામનો કરવાથી તથા આત્મવિશ્વાસના સહારે દૃઢ મનોબળ દાખવવાથી તમામ મુશ્કેલીઓ આસાન બની જાય છે.

અવસાન નોંધ

સ્વ. કમળાબેન કાંતિલાલ જાનીનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૪ ફેબ્રુઆરીને ગુરુવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન પ્લોટ નં. ૪૭૨/૨, સેકટર-૪-બી ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

● સ્વ. રામભાઈ મગનભાઈ પટેલ, ઉ.વ. ૮૪